**તા. ૩/૬/૨૦૧૮ ના રોજ યુનિવર્સિટી સંલગ્ન સેલ્ફ ફાયનાન્સ બી.એડ.કોલેજોના શૈક્ષણિક સ્ટાફની કોમન ભરતી પ્રક્રિયામાં ભાગ લેનાર કોલેજના પ્રિન્સીપાલશ્રી / ટ્રસ્ટીશ્રીઓમાટેની અગત્યનીસૂચના**

દરેક કોલેજોના ટ્રસ્ટીઓને વિદીત કરવામાં આવે છે કે

૧. સંયુકત ઈન્ટરવ્યું પ્રોસેસનો વિગતવાર કાર્યક્રમ યુનિવર્સિટીની વેબસાઈટ પર મૂકવામાં આવેલછે વેબસાઈટ પર મૂકવામાં આવેલ કોલેજ તથા સ્ટાફની સંખ્યામાં વધારો – ઘટાડી થઈ શકે છે. યુનિવર્સિટીની વેબસાઈટ પર દર્શાવેલ સ્થળે આપે સમયસર હાજર રહેવાનું રહેશે.

૨. આપની કોલેજમાં ભરવાની થતી જગ્યાઓની વિષયવાર યાદી તથા સદર જગ્યાઓ માટે વરણી સમિતીમાં હાજર રહેનાર આપના મેનેજમેન્ટના પ્રતિનીધીઓની યાદી સંચાલક મંડળના લેટરપેડપર તેમની ઓથોરીટીની સાથે ફરજીયાત લઈને આવવાનું રહેશે તથા જેની એક કોપી ઈન્ટરવ્યું શરૂ થાય તે પહેલા જમા કરાવવી ફરજીયાત છે.

૩. દરેક ટ્રસ્ટીશ્રીએ/ પ્રિન્સીપાલશ્રીએ કુલસચિવશ્રીના નામનો ડી.ડી. ધ્વારા ઈન્ટરવ્યું પ્રોસેસીંગ ફી તા.૨૫/૫/૨૦૧૮ સુધીમાં જમા કરાવવાની રહેશે તથા ઈન્ટરવ્યું પ્રોસેસીંગ ફીની પહોંચ ઈન્ટરવ્યું સમયે યુનિવર્સિટીમાં ફરજીયાત જમા કરાવવાની રહેશે.

૪. વરણી સમિતીના રીપોર્ટની બે કોપી અત્રેના ઈન્ટરવ્યું સ્થળેથી આપવામાં આવશે.

યુનિવર્સિટીના ધ્વરા આયોજીત સેલ્ફ ફાયનાન્સ કોલેજોના ઈન્ટરવ્યુંપ્રોસેસમાં આપનો સાથ અને સહકાર અનિવાર્ય છે.

ખાસ અગત્યની સૂચના : જે કોલેજે સદર ભરતી પ્રક્રિયામાં ભાગ લેવા માટેની સંમતિ આપેલ છે, તે કોલેજ ધ્વારા તા. ૨૫/૫/૨૦૧૮ સુધીમાં ફી ભરેલ નહી હોય તો તે કોલેજનું નામ ઈન્ટરવ્યું પ્રોસેસમાં સમાવેશ કરવામાં આવશે નહી તથા તેવી કોલેજોને યુનિવર્સિટી ધ્વારા નકકી કરે તે દંડ ભરવાનો રહેશે જે જાણ સારૂ.

## શૈક્ષણિક સ્ટાફની કોમન ભરતી પ્રક્રિયામાં ભાગ લેનાર તમામ કોલેજોને ખાસ સૂચના

૧. યુનિવર્સિટી , રાજય સરકાર , યુનિવર્સિટી ગ્રાન્ટ કમીશન તથા લાગુ પડતી જે તે કાઉન્સીલનાનિયમોનુસાર શૈક્ષણિક સ્ટાફની ભરતી કરવાની રહેશે.

૨. વોક ઈન ઈન્ટરવ્યુ વખતે નિમણુંક આપવામાં આવેલ ઉમેદવારોનેતાત્કાલીક હાજર કરવાના રહેશે અને માન્યતા ૧૦ દિવસમાં મંજુર કરાવી લેવાની રહેશે.

૩.યુનિવર્સિટીના વખતોવખતના નિયમોનું પરિપાલન તમામ સંલગ્ન કોલેજોએ તથા નિમણુંક પામનાર અધ્યાપકોએ કરવાનું રહેશે.